અમરેલી,રાજકોટ, ગાંધીનગર અને સુરતથી પ્રસિધ્ધ થતું દૈનિક

R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते

AVADH TIMES DAILY

સૌરાષ્ટ્ર આવૃતિ

અવધ ટાઇમ્સ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦

તા.૧૭-૨-૨૦૨૪ શનિવાર

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭

Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ મહા સુદ ૭ વર્ષ : ૨૮ અંક ૧૫૯

ભાજપ દ્વારા યોજાઇ રહેલા બે દિવસની રાષ્ટ્રીય કાર્યકારી બેઠકમાં દેશભરમાંથી અપેક્ષીત પદાધિકારીઓનો દિલ્હી ભણી પ્રવાહ

અમરેલી ભાજપના પદાધિકારીઓ દિલ્હી જવા રવાના

તમામ ધારાસભ્યો, જિલ્લા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખ, નગરપાલિકાઓના પ્રમુખ ઉપપ્રમુખ તથા દિલ્હીથી શ્રી પરશોત્તમ રૂપાલા,સાંસદશ્રી નારણભાઇ કાછડીયા, શ્રી હિરેન હિરપરા ભાગ લેશે

દર વર્ષે ભાજપની રાષ્ટ્રિય કાર્યકારી બેઠક યોજાય છે : આ વખતે લોકસભાની ચૂંટણીઓ આવી રહી હોય વધુ સંખ્યામાં ભાજપના દેશભરના કાર્યકરો ભારતમંડપમ ખાતે ઉમટી પડવાની ધારણા

અમરેલી,(ફીલ્ડ રિપોર્ટર) ભાજપ દ્વારા યોજાઈ રહેલા બે દિવસની રાષ્ટ્રીય કાર્યકારી બેઠકમાં દેશભરમાંથી અપેક્ષીત પદાધિકારીઓનો દિલ્હી ભણી પ્રવાહ શરૂ થયો છે અને તેમા અમરેલી ભાજપના પદાધિકારીઓ દિલ્હી જવા રવાના થયા છે.

તા. ૧૭ અને ૧૮ના બે દિવસ સુધી યોજાઈ રહેલી આ બેઠકમાં અમરેલી જિલ્લાના તમામ ધારાસભ્યો, જિલ્લા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખ, નગરપાલિકાઓના પ્રમુખ ઉપપ્રમુખ તથા અપેક્ષીતો અને દિલ્હીથી શ્રી પરશોત્તમ રૂપાલા,સાંસદશ્રી નારણભાઈ કાછડીયા,પ્રદેશમાંથી શ્રી હિરેન હિરપરા

(અનુ.પાના નં.૬)

અમરેલીના સાંસદ શ્રી નારણભાઇ કાછડીયાની રજૂઆતના પગલે

મહુવા - સુરત ટ્રેનને અંકલેશ્વરમાં સ્ટોપ અપાશે

અંકલેશ્વર ખાતે અમરેલી અને સૌરાષ્ટ્રમાંથી વસવાટ કરતા તેમજ વ્યવસાયકારોને આવન જાવન માટે થશે ફાયદો

અમરેલી,(રેફકરિપોર્ટર) અમરેલીના સાંસદ શ્રી નારણભાઈ કાછડીયાની રજૂઆતના ફળ સ્વરૂપે મહુવા - સુરત એકસ્પ્રેસ ટ્રેનને અંકલેશ્વર રેલવે સ્ટેશન ખાતે સ્ટોપ પ્રદાન થયેલ છે.આ તકે સાંસદશ્રી એ જણાવેલ છે કે, અંકલેશ્વર હાઉસિંગ એસોસિયેશન અને સૌરાષ્ટ્રના લોકો તરફથી મારી સમક્ષ આવેલ રજૂઆતોના અનુસંધાને મહુવા - સુરત ટ્રેનને અંકલેશ્વર ખાતે સ્ટોપેજ પ્રદાન કરવા રેલ મંત્રીશ્રીઓ અને રેલવે બર્ડને રજૂઆત કરવામાં આવી હતી.

આપણી સૌની લાગણી અને માંગણીને ધ્યાનમાં લઈ રેલવે બોર્ડ તરફથી તા.૧૬.૦૨.૨૦૨૪ ના નોટીફીકેશન/પત્રથી મહુવા-સુરત ટ્રેન નં. ૨૦૯૫૫/૫૬ ને અંકલેશ્વર ખાતે સ્ટોપ પ્રદાન કરવામાં આવેલ છે. જે બદલ માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને કેન્દ્રીય કેબિનેટ રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવજી અને કેન્દ્રીય રાજ્ય રેલ મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશજી નો સહદય આભાર વ્યક્ત કરું છું.

અંકલેશ્વર ખાતે રહેતા તેમજ વ્યવસાય કરતા સૌરાષ્ટ્રના લોકોને આ સ્ટોપેજ થી ખૂબ જ લાભ મળશે તેમ સાંસદ શ્રી નારણભાઈ કાછડીયાએ તેમની અખબારી યાદીમાં જણાવેલ છે.

જાહેર ચેતવણી

અમને મળતી વિગતો અને ફરિયાદો પ્રમાણે ઉપરની તસવીરમાં દેખાતો **રાજેશ વિવેદી કેપ્ટન** નામનો શખ્સ પોતે મીડીયામાં હોવાનું અને ઘણી જગ્યાએ અવધ ટાઇમ્સ સાથે સંકળાયેલ હોવાનું જણાવે છે. આ શખ્સ અવધ ટાઇમ્સમાં નથી અને તેની સાથે કોઈ લેવા દેવા નથી જેથી આ શખ્સની સાથે અવધ ટાઇમ્સના નામે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કોઈએ કરવો નહી જેની સર્વેએ નોંધ લેવી.

- વ્યવસ્થાપક, અવધ ટાઇમ્સ

અમરેલી માટે ગૌરવની બાબત : દેશ માટે કંઇક કરી છુટવા સખત મહેનત કરનાર

અમરેલીનાં યુવાન શ્રી સિધ્ધાર્થ જાનીનું કલાસ વન ઓફીસર તરીકે આર્મીમાં ૧૬ માં ક્રમે મેરીટમાં સિલેક્શન

સમગ્ર ભારતમાં લાખો ઉમેદવારમાંથી સિવીલ એન્જિનિયર થયેલા ફક્ત ૩૭ ઉમેદવારોનું સિલેક્શન થયેલું તેમાં અમરેલીનાં સિધ્ધાર્થે ૧૬ મો ક્રમ મેળવ્યો

અમરેલી,(રેફકરિર્પોટર) અમરેલીના ખ્યાતનામ આર્કિટેક્ટ એન્જિનિયર શ્રી કિશોરભાઈ

(અનુ.પાના નં.૫)

રાજ્યસભાના સાંસદશ્રી અને કેન્દ્રીય મત્સ્યપાલન, પશુપાલન તથા ડેરી ઉદ્યોગના મંત્રી શ્રી પરશોત્તમભાઈ રૂપાલા દ્વારા આયોજીત સ્પર્ધા

જિલ્લામાં તાલુકા કક્ષાએ સાંસદ ખેલ સ્પર્ધાનો પ્રારંભ

સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા યોજાયા બાદ હવે સાંસદ ખેલ સ્પર્ધામાં રમતવીરોને મોટુ પ્લેટફોર્મ

કબડ્ડી, ચેસ, યોગાસન, એથ્લેટિક્સ, રસ્સાખેંચ, ખો-ખો, વોલીબોલ સહિત સ્પર્ધાઓ

મદદ કાર્યાલયના શ્રી અશ્વીન સાવલીયા, શ્રી કાંતિભાઇ વામજા, શ્રી કેતન કાનપરિયા, રમતગમત અધિકારી શ્રી પુનમબહેનની ટીમ દ્વારા વિવિધ સ્પર્ધાઓનું સુંદર આયોજન

અમરેલી, (ફિલ્ડ રિપોર્ટર)

રાજ્યસભા સાંસદશ્રી અને કેન્દ્રીય મત્સ્યપાલન, પશુપાલન તથા ડેરી ઉદ્યોગના મંત્રી શ્રી પરષોતમભાઈ રૂપાલા દ્વારા જિલ્લાના રમતવીરો માટે જિલ્લાના દરેક તાલુકામાં આગામી તા.૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી સાંસદ ખેલ સ્પર્ધાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં કબડ્ડી, ચેસ, યોગાસન, એથ્લેટિક્સ, રસ્સાખેંચ, ખો-ખો, વોલીબોલમાં અલગ અલગ બે વયજૂથમાં ભાઈઓ અને બહેનો માટે વિવિધ રમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

તા.૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ વિવિધ પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ દ્વારા તાલુકા કક્ષાએ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો, સાંસદ ખેલ સ્પર્ધામાં દરેક ખેલાડીઓ ઉત્સાહભેર જોડાયા હતા. દરેક તાલુકામાં તા.૧૯.૦૨.૨૦૨૪ સુધી તાલુકા કક્ષાની સ્પર્ધાઓ શરુ રહેશે. દરેક તાલુકામાંથી વિજેતા થયા હોય તેવા ખેલાડીઓ દ્વારા આગામી સમયમાં તા. ૨૧ થી તા. ૨૫ સુધીમાં યોજાનારી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે આવશે. આ સાંસદ ખેલ સ્પર્ધાનો ઉદ્દેશ જિલ્લાના રમતવીરોમાં રહેલ સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાનો છે. યોગ્ય પ્રતિભાઓને શોધી તેને યોગ્ય તક મળી રહે તે નેમ છે, તેમ અમરેલી જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીએ એકયાદીમાં જણાવ્યુ છે. આ કાર્યક્રમમાં મદદ કાર્યાલયના શ્રી અશ્વીન સાવલીયા, શ્રી કાંતિભાઈ વામજા, શ્રી કેતન કાનપરિયા, રમતગમત અધિકારી શ્રી પુનમબહેનની ટીમ દ્વારા વિવિધ સ્પર્ધાઓનું સુંદર આયોજન કરાઈ રહ્યું છે. વિદ્યાસભા સ્કુલ ખાતે અમરેલી તાલુકા સ્પર્ધામાં શ્રી અશ્વિનભાઈ સાવલીયા, ઘનશ્યામભાઈ ત્રાપસીયા, ચતુરભાઈ ખુંટ, તુષારભાઈ જોશી, પ્રવીણભાઈ ચાવડા, ધીરુભાઈ વાળા, હરેશભાઈ રૂપાલા, કાન્તીભાઈ વામજા, વસંતભાઈ પેથાણી, રાજેશભાઈ ડોબરિયા, કિશોરભાઈ કાનપરિયા, બીપીનભાઈ જોશી, જે.બી.ગજેરા

વડીયા-કુંકાવાવ તાલુકા સ્પર્ધામાં સી.બી.એસ.દોશી હાઈસ્કૂલ - દેવગામ ખાતેપરશોતમભાઈ હીરપરા, ગોપાલભાઈ અટાળા, નરેન્દ્રભાઈ પરવાડીયા, જલ્પેશભાઈ મોવલાયા, પુનાભાઈ, પ્રભાતભાઈ, અશોકભાઈ સુખડીયા, આચાર્યશ્રી, ટ્રસ્ટીઓ, શૈલેશભાઈ પરમાર

ધારી તાલુકા સ્પર્ધા -જી.એન.દામાણી હાઈસ્કૂલ ખાતે અશ્વિનભાઈ કુંજડીયા, અતુલભાઈ કાનાણી, મનસુખભાઈ ભુવા, નલીનભાઈ કુંડલીયા, જયંતીભાઈ પાનસુરીયા, મુગેશભાઈ કોટડીયા, રમણીકભાઈ સોજીત્રા, પરેશભાઈ પટની, સુરેશભાઈ ગમારા, આચાર્યશ્રી ખરડ, અતુલભાઈ સલખણા, એન. બી.જોટવા, ડી.એલ.ચાવડા, ટ્રસ્ટી

ખાંભા તાલુકા સ્પર્ધા - જે.એન. મહેતા હાઈસ્કૂલ ખાતે નરેન્દ્રભાઈ ફીંડોળીયા, કાનપરિયા, અરવિંદભાઈ ચાવડા, ભાવભાઈ ભમ્મર, હરસુરભાઈ વાઘ, અમરીશભાઈ જોશી, બબાભાઈ ખુમાણ, કૌશિકભાઈ માલકિયા, શીવાભાઈ તથા આચાર્યશ્રી ટ્રસ્ટી, ઝવેરભાઈ, અજયભાઈ ગોહિલ, મામલતદારશ્રી, ટી.ડી.ઓ.શ્રી, વિપુલભાઈ શેલાડીયા, પુનમબેન જીલ્લા રમત વિકાસ અધિકારીશ્રી

રાજુલા તાલુકા સ્પર્ધા - બાલકિષ્ના વિદ્યાપીઠ ખાતે જયેશભાઈ રામ, ચિરાગભાઈ વાવડીયા, રમેશભાઈ દેલવાડિયા, મેડીકલઓફિસરશ્રી, તથા સ્કુલ સ્ટાફ

જાફરાબાદ તાલુકા સ્પર્ધા- સરકારી હાઈસ્કૂલ કડિયાળી ખાતે હીરાભાઈ સોલંકી, ચેતનભાઈ શિયાળ, દિનેશભાઈ ત્રિવેદી, બાલાભાઈ કોટડીયા, અનીરુધભાઈ વાળા, ભીમભાઈ વક્ર, કાનજીભાઈ જોગડીયા, જીતુભાઈ મકવાણા, સવજીભાઈ, યોગેશભાઈ બારૈયા, જીવનભાઈ બારૈયા, નરસિંહભાઈ રાઠોડ, ભાવેશભાઈ વેકરીયા

સાવરકુંડલા તાલુકા સ્પર્ધા - લોક વિદ્યાલય થોરડીખાતે ભરતભાઈ ગોદાણી, જીતુભાઈ કાછડિયા, શરદભાઈ પંડ્યા, જીવનભાઈ વેકરીયા, પ્રવીણભાઈ સાવજ, આચાર્યશ્રી, ટ્રસ્ટીઓ, કાન્તીભાઈ પડસાળા, સંજયભાઈ કામળીયા, સુભાસભાઈ સોલંકી

લીલીયા તાલુકા સ્પર્ધા- નાલંદા વિદ્યાલય, ભોરીંગડા ખાતેવિનુભાઈ ભાનુભાઈ ડાભી, કાનજીભાઈ નાકરાણી, જીગ્નેશભાઈ સાવજ, ભરતભાઈ ઠુમ્મર, બાલાભાઈપડશરિયા, વાસુરભાઈ આદીર, હરસુખભાઈ ખેરાળા, આચાર્યશ્રી, ટ્રસ્ટીઓ, શૈલેશભાઈ મકવાણા

લાઠીતાલુકાસ્પર્ધા-તાલુકાશાળાખાતેજીતુભાઈ ડેર, ઘનશ્યામભાઈસાવલીયા, રાજુભાઈ ભુવા, અનીલભાઈ નાંઢાં, હિંમતભાઈ હીરવીયા, મુનાભાઈ મકવાણા, જયેશભાઈ ઠાકર, રોહિતભાઈ ક્રેટડીયા, ભરતભાઈ પાડા, આચાર્યશ્રી, ટ્રસ્ટીઓ, ભાવિનભાઈ બોકરવાડીયા, વર્ષાભાઈ પરમાર.

સૌરાષ્ટ્ર એસંસ સ્ટોર્સનું ઉત્પાદન
ઘઉંના પાપડ
ચોખાના પાપડ
જીરૂ - મસાલાવાળા મળશે
સૌરાષ્ટ્ર એસંસ સ્ટોર્સ
ટાવર પાસે, અમરેલી મો.૯૮૭૯૨ ૩૪૩૩૨

MUTUAL FUND
SIP
ટીપે ટીપે સરોવર, કાંકરે કાંકરે પાળ..
SIP એ SIP એ ધનાનાં ઢગલે ઢગલા..
આજે જ... અત્યારે જ શરૂ કરો
સંપર્ક : દ્વારકાદાસ લલાડીયા
નોલેજ આધારિત ઉમદા સર્વિસ
સમૃધ્ધિ સેતુ ઇન્વેસ્ટમેન્ટ-ઇન્સ્યુરન્સ સર્વિસ
ઓફીસ - ૧૭, બીજે માળે, સીટી મોલ, રાજકમલ ચોક, અમરેલી
ફોન : (૦૨૭૯૨) ૨૨૪૦૪૦ મો.૯૩૨૮૬ ૧૨૦૦૦ / ૯૯૨૫૬ ૨૮૨૪

મુફત બીજલી યોજના
સોલાર રૂફટોપ સબસીડીમાં લાયક ઘરખમ વધારો...
પહેલા 3 KW માટે સબસીડી ₹56000
હવે, 3 KW માટે સબસીડી ₹78000 મળવાપાત્ર
સૂર્ય ઘર-મુફત બીજલી યોજનામાં આજે જ રજીસ્ટ્રેશન કરાવો અને સબસીડીનો લાભ મેળવો.
સોલાર રૂફટોપ સરળ હપ્તેથી પણ ઉપલબ્ધ
લાભમ્ : મો.૯૪૨૮૮ ૮૮૦૯૮

જય રામદેવ ટ્રાવેલ્સ
ખાંભા, ધારી, તાતણીયા, નેસડી, અમરેલી NON AC
વિસાવદર, ધારી, અમરેલી NON AC
વાયા : આણંદ, વડોદરા સીટી, શાણી જકાતનાકા, કાલાઘોડા, લાલબાગ, ફતેગંજ, જંબુવાબીજ, ભરૂચ, અંકલેશ્વર, સુરત
ચંદારાણા ટ્રાવેલ્સ એસ.ટી.ડેપો સામે, અમરેલી
મો.૮૮૯૬૪ ૮૫૦૦૦, ૯૪૨૮૩ ૪૧૪૩૨, ૬૦૬૯૫ ૦૮૬૪૧, ૯૭૨૪૪ ૬૭૭૨૫, ૯૪૨૬૨ ૬૪૩૩૮ : Online booking : www.jayramdevtravels.com

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેઝોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૬૧

મકાન વેચવાનું છે
અમરેલીમાં લીલીયા રોડ, શ્યામનગર-૧ માં 4BHK સંપુર્ણ સગવડતા સાથેનું ૧ વસો જગ્યા ધરાવતુ પાણીના દાર સહિતનું મકાન વેચવાનું છે
સંપર્ક : મો.૭૯૮૪૮ ૭૪૦૫૭

FASTag
Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

સ્વાદના શોખીનો માટે ખુશખબર...
સત્ અમર
રાજસ્થાની સ્પે.દાલબાટી
માત્ર રૂા.૧૩૦/- માં અનલીમીટેડ
મો.૯૭૯૨૧ ૭૦૬૪૮, ૯૯૯૯૩ ૯૭૩૦૨, ૯૯૨૫૧ ૭૪૨૨૯
બ્રાન્ચ : ભેસાણ - જુનાગઢ
સ્થળ : લાઠી રોડ, લાલાવાવ હનુમાન મંદિરની આગળ, સોનાલીકા ટ્રેકટરના શો-રૂમની સામે, અમરેલી

વર્લ્ડ કોર્પોરેશન ઇકોનોમિક ફોરમ દ્વારા પરિસંવાદનું આયોજન કરાતાં

દિલ્હીમાં શ્રી સંઘાણીના અધ્યક્ષપદે પરિસંવાદ યોજાશે

સેવ ધી ડેટ - ખેડૂતો મેં સહકારી ક્ષેત્રે રોડ મેપ આપવા ૨૦મીએ ન્યુ દિલ્હી ખાતે પરિસંવાદમાં માર્ગદર્શન અપાશે : સહકારી ક્ષેત્રના અગ્રણીઓની ઉપસ્થિતિમાં પરિસંવાદ : તડામાર તૈયારીઓ

એનસીવાયના ચેરમેન શ્રી દિલીપભાઇ સંઘાણીના મુખ્યમહેમાન પદે કાર્યક્રમમાં વિવિધ સંસ્થાઓના આગેવાનો પ્રતિનિધોઓની ઉપસ્થિતિમાં ભવ્ય પરિસંવાદ સેન્ટર કમિટી હોલ ખાતે ન્યુ દિલ્હીમાં યોજાશે

અમરેલી,

વર્લ્ડ કોર્પોરેટર ઈકોનોમિક ફોરમ દ્વારા સેવ ધી રેટ કાર્યક્રમ અંતર્ગત સહકારી ક્ષેત્રે એકત્રિકરણ સાથે ખેડૂતોને રોડ મેપ આપવા એનસીવાયના પ્રમુખ શ્રી દિલીપભાઈ સંઘાણીના મુખ્યમહેમાન પદે ૨૦ માર્ચ બુધવારે બપોરે ૨ થી ૫ સુધી કનવેન્શન સેન્ટર કમિટી હોલ, જવાહરલાલ યુનિવર્સિટી નવી મહેરોલી રોડ, નવી દિલ્હી ખાતે પરિસંવાદ યોજાશે. આ પરિસંવાદમાં સહકારી ક્ષેત્રના આગેવાનો સહિત તર્જશો માર્ગદર્શન આપશે. તેમ ડો. સુધિર સુથાર ફેકલટી મેમ્બર જેએનયુ ન્યુ દિલ્હી અને શ્રી રોહિત આનંદ સિનીયર મેનેજરે જણાવ્યું છે.

શ્રી નિર્લિપ્ત રાયની ટીમે જુગાર રમતા અને રમાડતા તમામ સામે ગુનો નોંધાવ્યો

જેતપુરમાં વરલી મટકાનાં જુગારધામ ઉપર ત્રાટકતી એસએમસી

વરલી મટકા લખવાના સાહિત્ય સહિત ૧૩ મોબાઇલ, ૫ વાહનો અને રોકડ મળી ૨ લાખનો મુદામાલ કબ્જે

અમરેલી,(કાઈમ રિપોર્ટર)

સ્ટેટ મોનીટરીંગ સેલે જેતપુરમાં નવાગઢમાં જયુપીટર ટેક્ષટાઈલ ઓપન પ્લોટની બાજુમાં દરોડોપાડી વરલી મટકાનો જુગાર રમતા અને રમાડતા ૧૨ શખ્સોને પકડી પાડયા હતા અને બે લાખ જેવો મુદામાલ કબ્જે કર્યો હતો.

એસએમસીએ વરલી મટકા લખનાર કિશોર ત્રિભોવન પટેલ, દિપક વિનુ બગડા, મોસીન દાદા ખીરાણી, નાસીર ખીરાણી તથા વરલી મટકાના જુગરનો અડોચલાવનાર મુખ્ય સુત્રધાર નાસીર દાદા ખીરાણી તથા વરલી મટકા રમવા આવનાર રતીજીકાભાઈ રાઠોડ, વિપુલ નાનજી મકવાણા, અજાદ મહમદ લાખાણી, દિપક ભુપત કુંભાણી, જગુ ખીમા સોલંકી, ખીમજી પોપટ માયાણી, દડુ રૂખડ વાંક રાજુ ભાનુ સરવૈયાને પકડીપાડેલછે.

જયારે વરલી મટકાનો જુગાર ચલાવનાર મુખ્ય આરોપી પૈકીનો અફજલ ખલાણી રે. જેતપુર નાસી છુટયો હોય તેની ઉપર ગુનો દાખલ કરી રૂા. ૩૭૫૧૦ ની રોકડ એક લાખની કિંમતના પાંચ વાહનો, ૫૧૫૦૦ ની કિંમતના ૧૩ મોબાઈલ મળી કુલ ૧ લાખ ૮૮ હજાર ૧૦ નો મુદામાલ કબ્જે કર્યો છે.

સાવરકુંડલા પંથકના અને પત્રકારત્વ ક્ષેત્રનાં ગૌરવ શ્રી પ્રદિપભાઇ દોશીનો આજે જન્મદિવસ

નિર્વિવાદીત પત્રકારત્વ સાથે સાવરકુંડલામાં સામાજીક રીતે પણ શ્રી દોશીનું નોંધનીય યોગદાન

સાવરકુંડલા,

સાવરકુંડલા શહેર તાલુકામાં પત્રકારત્વ ક્ષેત્રે નિષ્ઠા અને કાર્યદક્ષતાનું ઉમદા ઉદાહરણ બનીને સમાજમાં અગ્રીસા રૂપી ભૂમિકા ભજવવામાં પારદર્શકતા નું પ્રતિબિંબ બનેલા પત્રકાર પ્રદીપભાઈ દોશી ૬૭ વર્ષ પૂર્ણ કરી ૬૮ માં વર્ષમાં પ્રવેશતા રાજકીય, સામાજિક અને સ્નેહી સંગાથી મિત્રોએ શુભકામનાઓ પાઠવેલ હતી પત્રકારત્વ ક્ષેત્રમાં પિતાશ્રી કાંતિભાપા દોશી ના આઝાદી પહેલા ના કાનસ લઈને અખબાર વિતરણ કરીને કંડારેલી કેડીને આજે ૧૦૦ વર્ષના સફળ શતકિય વર્ષમાં અખબારી માધ્યમને અડીખમ ઉભું રાખીને પત્રકારત્વ ક્ષેત્રે આદર્શ પત્રકાર તરીકે ની છાપ ઊભી કરીને પ્રદીપભાઈ દોશી આજે અનેક સામાજીક સંસ્થાઓ સાથે જોડાયેલા છે ગુજરાત રાજ્યના નામાંકીત ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર, સંદેશ, ફૂલછાબ, જયહિન્દ સાથે ટાઈમ્સ ઓફ ઈન્ડીયા, અવધ ટાઈમ્સ, સંજોગ ન્યુઝ જેવા અખબારોમાં રીપોર્ટીંગ કરીને સાવરકુંડલા શહેર તાલુકાની સમસ્યાઓ ઉજાગર કરીને તંત્રના કાન આમળયોહોય પણ તંત્રના અધિકારીઓ પ્રત્યે ક્યારેય રાગદ્વેષ રાખીને અશોભનીય શબ્દ નો વાક્ય પ્રયોગ તંત્ર કે સરકાર સામે ક્યારેય પણ ન કરીને મીઠી ભાષામાં ચિઠીયો ભરીને સમાજ સેવાનું એક ઉમદા ઉદાહરણ બનેલા પ્રદીપભાઈ દોશી વારસાગત પત્રકારત્વ ક્ષેત્રે એક અલગ જ કેડી કંડારીને અલગ વ્યક્તિત્વ ઉભુ કરીને આજના સોશીયલ મીડિયામાં છીછરાપણું પત્રકારત્વ કરતા યુવાનો માટે એક આદર્શ પત્રકાર ની છાપ ઊભી કરનારા પ્રદીપભાઈ દોશી આજે ૬૭ વર્ષ પૂર્ણ કરીને ૬૮ વર્ષમાં પ્રવેશતા સાવરકુંડલા શહેર તાલુકાના રાજકીય, સામાજિક અને વિશાળ મિત્ર વર્તુળ ધરાવતા પ્રદીપભાઈ દોશી ને મો.૯૪૨૬૪૫૬૫૫૫ પર અભિનંદનની વર્ષા થઈ રહી છે

સરકારી કુમાર છાત્રાલયમાં પ્રવેશ અંગેની જાહેરાત

નાયબ નિયામક અનુ.જાતિ કલ્યાણ અમરેલી

સંચાલિત સરકારી કુમાર છાત્રાલય, અમરેલીમાં વર્ષ-૨૦૨૩-૨૪માં શરૂ થનાર છાત્રાલયમાં ધો.૧૧,૧૨ તેમજ કોલેજ કક્ષાના અભ્યાસકમ માં અભ્યાસ કરતા બહારગામના છાત્રો જેઓની વાર્ષિક આવકમર્યાદા ૬ લાખ સુધી હોય અને છેલ્લે પાસ કરેલ પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% ધરાવતા હોય, તેવા છાત્રોએ સરકારી કુમાર છાત્રાલય, અમરેલીમાં પ્રવેશ માટે નાયબ નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, બહુમાળી ભવન, બ્લોક-B, ત્રીજો માળ અમરેલી ખાતે કચેરીનો સંપર્ક સાધવા જણાવવામાં આવે છે.

નાયબ નિયામક
અ.જા.ક.અમરેલી

જાહેરાત | અમરેલી | ૫૦૭૬૨૪

Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999

Alpha Autolink

માઇતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર) લાઠી રોડ બાયપાસ અમરેલી

છેલ્લાં 24 વર્ષ થી આપનો વિશ્વાસ પાત્ર ફેમિલી જ્વેલર
ઉત્તમ કારીગરી • સર્ટીફાઇડ જ્વેલરી • પારદર્શી વ્યવહાર

જૂની બજાર, પાણી દરવાજા રોડ અમરેલી. ☎ 02792 - 222208 ✆ 94264 23006

☎ 94281 90118

॥ ૐ નમોઃ નારાયણ પ્રભુ ॥

ગમે તેવી ઠંડીમાં પણ થશે ગરમીનો અહેસાસ

વિન્ટર કલેકશન

એક-એકથી ચડીયાતા વિન્ટર કલેકશનની અવનવિ વેરાયટી

વિન્ટર ટી-શર્ટ, ટુડી, જેકેટ, ફેન્સીકોટ, હાથ મોજા, ટોપી તેમજ મફલર અને ઘણું બધું...

એક જ ભાવ

ફોર્મલવેર સ્પેશ્યાલીસ્ટ
લગ્ન સિઝનને અનુરૂપ પાર્ટીવેર કલેકશન

M to 5XL સુધી બધું જ

ઉમિયા ફેશન
(નાના આંકડીયાવાળા)

સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી.

પાંજરાપોળ ગૌશાળા અમરેલી

- પાંજરાપોળ ગૌશાળા અમરેલીમાં લીલો કે સુકો ઘાસચારો મશીન ઉપર કટીંગ કરી શકે તેવા જોડી અથવા બે વ્યક્તિની જરૂર છે.
- ટ્રેકટર આવડતુ હોય એમની પ્રથમ પસંદગી.

રહેવાની સગવડતા આપવામાં આવશે.

ઓફીસ એડ્રેસ : પાંજરાપોળ ગૌશાળા

પાણી દરવાજા પાસે, જૈન દેરાસરની બાજુમાં, અમરેલી મો.૭૯૮૪૫ ૩૪૫૨૨

દિલીપભાઇ પરીખ ૭૯૮૪૫ ૩૪૫૨૨ | વસંતભાઇ પોકળ ૯૪૨૬૪ ૭૧૪૧૨ | મુકુંદભાઇ ગટીયા ૯૩૨૮૬ ૧૨૦૬૪

અમરેલીથી તદ્દન નજીક શાંત અને નયનરમ્ય કુદરતી વાતાવરણમાં ભવ્ય આકાર લઇ રહયુ છે તમારૂ પોતાનું

હારમની વિકેન્ડ વિલા

અમરેલી જિલ્લાના વતનીઓ માટે વતનમાં વિલા

આ છે અહીંની વિશેષતાઓ...

- વિટ્રીફાઇડ ટાઇલ્સ
- સ્ટાન્ડર્ડ ક્વોલીટીમાં બાથરૂમ ફીટીંગ
- સ્ટાન્ડર્ડ બારી દરવાજા
- મેઇન ગેટે સિક્યુરીટી
- ગ્રેનાઇટ પ્લેટફોર્મ
- ૨૪ કલાક જનરેટરની સુવિધા
- આઇ.એસ.આઇ. બ્રાન્ડેડ લાઇટ ફીટીંગ
- સ્ટીલ ગ્રીલીંગ
- આર.સી.સી. રોડ
- સીસીટીવી કેમેરાથી સુસજ્જ

અત્યારની તમામ આધુનિક સુવિધાઓ સાથે નયનરમ્ય વાતાવરણ

સાઇડ એડ્રેસ :- સાવરકુંડલા રોડ, નવા માર્કેટીંગયાર્ડ સામે, ચક્કરગઢ, અમરેલી

ટાઇટલ ક્લીયર લોનેબલ

વધુ માહિતી તેમજ બુકીંગ માટે સંપર્ક કરો મો.૮૨૦૦૮ ૬૭૭૭૬, મો.૭૦૯૬૯ ૦૩૫૩૩

સોનાની લગડી જેવા અતિ મોકાના પ્લોટ વેચવાના છે

અમરેલીના હૃદયસમા એવા ચિતલ રોડ ટચ ઉગમણા બારનાં મેઇન રોડથી તદ્દન નજીક અતિ મોકાના પ્લોટ વેચવાના છે

માત્ર જુજ પ્લોટ જ બાકી હોય, વહેલા તે પહેલાના ધોરણે સંપર્ક કરવો

આપની જરૂરીયાત મુજબ મકાન બાંધકામ પણ કરી આપીશું

સબ પ્લોટીંગ અને રજાચિઠી સાથેના રાષ્ટ્રીયકૃત બેંકમાં લોનેબલ

-:: સંપર્ક ::-

હિરેનભાઇ બાબરીયા મો.૯૩૨૮૨ ૮૨૧૨૧
સંજયભાઇ દાફડા મો.૯૯૭૯૨ ૪૧૪૭૨

VHC પર્સનલ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ VHC

યોજના	મુદલ	મુદત	મળવાપાત્ર
(૧) સુપર મેગા ઓફર	૧૦૦૦૦૦	૧૪ માસ	૨૦૦૦૦૦
(૨) વન ટાઇમ ડિપોઝીટ	૧૦૦૦૦૦	૩ વર્ષ	૪૦૦૦૦૦
(૩) મંથલી SIP	૬૦૦૦૦	૫ વર્ષ	૧૨૦૦૦૦
(૪) ડેઇલી રીકરીંગ	૩૬૫૦૦	૩૬૫ દિવસ	૫૦૦૦૦

''વિશ્વાસ, પ્રોફીટ તમારા સફળતા અમારી''

વધુ માહિતી માટે સંપર્ક કરો

પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

એડ્રેસ :- મીરા આર્કેડ, પહેલા માળે, SBI બેંક સામે, લાઇબ્રેરી રોડ, અમરેલી

વિપુલ એચ. ચાવડા (એકાઉન્ટન્ટ) : મો.૯૮૭૯૮ ૮૪૯૭૯
પાર્થ વી. ચાવડા : મો.૯૩૨૮૪ ૭૯૦૭૮

સંપર્ક સમય : સાંજના ૪:૩૦ થી ૭:૩૦

સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન

કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ધમ્મેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ફુજી

પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફ્લાઇટ બુકિંગ • વિઝા

મિથ્સ હોલીડેઝ

બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩

૭૫, ગ્રાઉન્ડ ફ્લોર, સરદાર કોમ્પ્લેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

શું તમને સાંભળવાની તકલીફ છે ?

તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઇ શકે...

- કોઈપણ ઉમરના વ્યક્તિની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેમાર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક

ગોલ્ડન પ્લાઝા, પુજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ઘર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.

મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૧૭-૨-૨૦૨૪ શનિવાર

સિટિઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ લાગુ કરવો જરૂરી છે પણ એથી અરાજકતા સર્જાઈ શકે

લોકસભાની ચૂંટણી આવી એસાથે જ સિટિઝનશીન એમેન્ડમેન્ટ એકટ (સીએએ)નો મુદ્દો પાછો ગાજ્યો છે અને સીએએ મુદ્દે રાજકીય દાવપેચ શરૂ થઈ ગયા છે. ૨૦૧૯માં દેશની સંસદે પસાર કરેલા સીએએ હેઠળ પાકિસ્તાન, બંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાં એ ત્રણ દેશોના હિંદુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તી એ છ ધર્મનાં લોકો પાસે કોઈ પણ પ્રકારના દસ્તાવેજો નહીંહોય તોપણ તેમને ભારતની નાગરિકતા આપવાની જોગવાઈ છે. સંસદે આખરડો સાડા ચાર વર્ષ પહેલાં પસાર કરી દીધેલો ને રાષ્ટ્રપતિએ તેના પર સહી પણ કરી દીધેલી પણ કેન્દ્ર સરકારે નિયમો નહોતા બનાવ્યા એટલે તેનો અમલ નહોતો થયો. ભાજપ સરકાર સાડા ચાર વર્ષથી સીએએ મુદ્દે નિરાંત રાખ્યા કરતી હતી ને હવે સફાળી જાગી છે.

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે ગયા મહિને એટલે કે ૨૦૨૩ના ડિસેમ્બરમાં કોલકાતામાં એક રેલી દરમિયાન હુંકાર કરેલો કે, દેશભરમાં સીએએને લાગુ થતાં કોઈ રોકી શકશે નહીં અને બહુ જલદી સીએએનો અમલ થશે. હવે કેન્દ્રીય પ્રધાન શાંતનુ ઠાકુરે હુંકાર કર્યો છે કે, સિટિઝનશીન એમેન્ડમેન્ટ એક્ટ (સીએએ) આખા દેશમાં સાત દિવસમાં લાગુ થઈ જશે તેની હું ગેરંટી આપુ છું. પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણાના કાકદ્વીપમાં એક રેલીને સંબોધતાં ઠાકુરે દાવો કર્યોકે, માત્ર પશ્ચિમ બંગાળમાંજ નહીંપરંતુ સમગ્ર દેશમાં સીએએ એક અઠવાડિયાની અંદર લાગુ કરી દેવામાં આવશે. બનગાંવથી ભાજપના સાંસદ ઠાકુર મતુઆસમુદાયમાંથી આવે છે કે જેણે ૨૦૧૯ની લોકસભા ચૂંટણી વખતે ભાજપને ખોબલે ખોબલે મત આપતાં ભાજપ પશ્ચિમ પ.બંગાળની ૪૨માંથી ૧૮ લોકસભા બેઠકો જીતી ગયો હતો. ઠાકુરના દાવા સામે પશ્ચિમ બંગાળનો સત્તાધારી પક્ષ તૃણમૂલ કોંગ્રેસ પણ મેદાનમાં આવી ગયો છે. તૃણમૂલ કોંગ્રેસના પ્રવક્તા કુણાલ ઘોષે ભાજપ અને કેન્દ્ર સરકાર લોકસભા ચૂંટણી પહેલાં લોકોને ગેરમાર્ગે દોરવા માટે સીએએની વાત કરી રહ્યાં હોવાનો દાવો કરીને જાહેર કરી દીધું કે, પશ્ચિમ બંગાળમાં કોઈપણ સંજોગોમાં સીએએ લાગુ કરવામાં આવશે નહીં. અમિત શાહે દેશભરમાં સીએએ લાગુ કરવાની વાત કરી ત્યારે તૃણમૂલે આજ વાત કરેલી. એવખતે મમતા બેનરજીએ કહેલું કે, ભાજપ લોકોમાં ભાગલા પાડીને રાજકીય રોટલો શેકવા માગવા માગે છે. પહેલાં બહારથી આવેલાં લોકોને નાગરિકતા કાર્ડ આપવાની સત્તા જિલ્લા મેજિસ્ટ્રેટની હતી, પણ રાજ્ય કારણ માટે આ સત્તા ડિપ્નવી લેવામાં આવી છે. ભાજપ સરકાર કેટલાક લોકોને નાગરિકતા આપવા માગે છે અને કેટલાકને તેનાથી વંચિત રાખવા માગે છે ને એ રીતે લોકોમાં ભાગલા પાડી રહી છે.

ભાજપ અને મમતા બંને પોતાપોતાના રાજકીય ફાયદા માટે આ નિવેદનબાજી કરી રહ્યાં છે એ કહેવાની જરૂર નથી. ભાજપ પોતાની હિંદુવાદી ઈમેજ મજબૂત કરવા તો મમતા સહિતના વિપક્ષો મુસ્લિમ મતબેન્ક માટે થઈને સીએએનો વિરોધ કરી રહ્યાં છે. લોકસભાની ચૂંટણી સામે છે તેથી બંને પોતપોતાની મતબેન્કને સાચવવા કૂદી પડ્યાં છે.

ભાજપ મુસ્લિમ બહુમતી ધરાવતા દેશોના હિંદુઓને પોતાના પડખામાં લઈને હિંદુઓના મસિહા તરીકેની પોતાની ઈમેજ મજબૂત કરવા માગેછે, અન્ય દેશોના હિંદુઓને નાગરિકતા આપીને પોતાની હિંદુ મતબેન્કમાં વધારો કરીને રાજકીય તાકાત વધારવા માગે છે. બંગલાદેશ, પાકિસ્તાન તથા અફઘાનિસ્તાનમાં હિંદુઓ પર ભહુ અત્યાચારો થાય છે એવી વાતો વરસોથી થાય છે. આ વાત ખોટી પણ નથી પણ તેને માટે ભારત જવાબદાર નથી.

આ દેશના ભાગલા પડ્યા ત્યારે જે હિંદુઓ કે બીજાં ધર્મનાં લોકો પાકિસ્તાનમાં રહી ગયાં એ પોતાની પસંદગીથી ત્યાં રહ્યાંહતાં. અત્યારે જેમને નાગરિકતા આપવાની છે એ બધાતેમના વારસદારો છે. હવે તેમને પાકિસ્તાનમાં કે બંગ્લાદેશમા ગોઠવું નથી તેથી ભાગી ભાગીને અહીં આવે છે. શૈધ્યાંતિક રીતે ભારતે તેમનો બોજ ના ઉંચકવાનો હોય પણ ભાજપે હિંદુત્વના નામે મત લીધા છે તેથી તેમને નાગરિકતા આપીને મતબેન્ક મજબૂત કરી રહ્યો છે.

તૃણમૂલ કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો આ કાયદાની વિરુદ્ધ છે. તેની પાછળ પણ રાજકીય ગણતરી છે. મોદી સરકારે પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બંગલાદેશના મુસ્લિમોને નાગરિકતા આપવાનો ઈન્કાર કર્યો તેથી વિરોધ પક્ષોને મુસ્લિમ મતબેન્કને પોતાની તરફ વાળવાની તક મળી ગઈ છે. મોદી સરકાર આ પ્રકારનાં પગલાં ભરીને ધીરે ધીરે મુસ્લિમો પાસેથી નાગરિકતાછિપ્નવી લેશેએપ્રકારનો ડરનો માહોલ આપક્ષો ઊભો કરી રહ્યા છે. સીએએ પછી મોદી સરકાર એનસીઆર (નેશનલ સિટિઝન રજિસ્ટર) લાવશે ને મુસ્લિમોની નાગરિકતા લઈ લેવાશે એવી ખોટી ખોટી વાતો પણ આ લોકો કરી રહ્યા છે.

આ મુદ્દે રાજકીય દાવપેચશરૂ થઈ ગયા છે અને મોદી સરકાર દેશભરમાં સીએએ લાગુ કરશે તો સંઘર્ષ અને તણાવ થશે એ નક્કી છે કેમ કે બંગાળ જ નહીં પણ બીજાં ત્રણ રાજ્યોની વિધાનસભાઓએપણ સીએએનો અમલ નહીંકરવાઠરાવ પસાર કર્યો છે. સંસદના બંને ગૃહોમાં સીએએ ખરડો પસાર થયા પછી કેરળ, પંજાબ, રાજસ્થાન અને પશ્ચિમ બંગાળ એ ચાર રાજ્યોએ સીએએ વિરોધી ઠરાવ વિધાનસભામાં પસાર કર્યો હતો. આ રાજ્યોએ પસાર કરેલા ઠરાવમાં કહેવાયું છે કે, સીએએ દેશના બંધારણે સ્વીકારેલા બિનસાંપ્રદાયિકતા સિધ્ધાંતની વિરુદ્ધ છે. સીએએ હેઠળ નાગરિકતા આપવાથી ધર્મના આધારે ભેદભાવ થશે તેથી સીએએનો અમલ કરી શકાય તેમ નથી. કેરળના મુખ્ય પ્રધાન પિનરાઈ વિજ્યને તેની શરૂઆત કરીને ડિસેમ્બર ૨૦૧૯માં સીએએ વિરોધી ઠરાવ પસાર કરાવ્યો પછી પંજાબ અને રાજસ્થાનની સરકારોએ પણ વિધાનસભામાં સીએએ વિરોધી ઠરાવ પસાર કર્યોહતો. છેલ્લે મમતા બેનરજીએ આઠરાવ પસાર કરાવતાં પશ્ચિમ બંગાળ ચોથું રાજ્ય બન્યું હતું. આ પેઢી રાજ્યસભામાં ભાજપની સરકાર છે તેથી ત્યાં વાંધો નહીં આવે પણ બાકીનાં ત્રણ રાજ્યોમાં સમસ્યા થશેજ. બંધારણીય જોગવાઈ પ્રમાણે દેશની સંસદે પસાર કરેલા દરેક કાયદાનો અમલ કરવા રાજ્યો બંધાયેલાં છે પણ હવે રાજકીય પક્ષો બંધારણની એસીતૈસી કરી નાખતાં ખચકાતાં નથી.

અમરેલી જિલ્લામાં કાળચક્ર ફરી વળ્યુ હોય તેમ

ધારી અને સાવરકુંડલામાં કમોતના બે બનાવો

ધારીમાં એકલવાયા જીવનથી કંટાળી અને સાવરકુંડલામાં જીંદગીથી કંટાળી ઝેર પીધાનું જાહેર કરાયું

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)

અમરેલીજિલ્લામાંધારીઅને તેમજ સાવરકુંડલામાં ઝેરી દવા પી જતાં બે પ્રૌઢનું મૃત્યુ નિપજયાનું પોલીસમાં જાહેર કરેલ છે.જેમાં ધારીમાં અમરેલી જેસીંગપરામાં રહેતા જીતેન્દ્રભાઈ મોહનભાઈ સોંડાગર ઉ.વ.૫૧ એકલવાયુ જીવન જીવતા હોય અને કોઈ કામ ધંધો ન હોય અને રખડતુ ભટકતુ જીવન જીવતા પોતે કંટાળી જઈ ઝેરી દવા પી જતાં મૃત્યુ નિપજયાનું સરસૈયા ગામના રૂપિનભાઈ જેરામભાઈ બકરાણીયાએ ધારી પોલીસ મથકમાં જાહેર કરેલ છે. જયારે બીજા બનાવમાં સાવરકુંડલા જેસર રોડ નંદીગ્રામ સોસાયટીમાં રહેતા જયસુખભાઈ મોહનભાઈ ધુહા ઉ.વ૫૦ના લગ્નથયેલ ન હોય અને કામ ધંધો કરી શકતા ન હોય તેમજ આગળ પાછળ કોઈ હોય નહિંતેથી જીંદગીથી કંટાળી ઝેરી દવા પી જતા સારવાર માટે અમરેલી દવાખાને ખસેડાતા સારવાર દરમિયાન મૃત્યું નિપજયાનું આશિષભાઈ દેવચંદભાઈ ધુહાએ સાવરકુંડલા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

અમરેલી જિલ્લામાં જુદા જુદા બે સ્થળે ઇંગ્લીશ દારૂના દરોડા

બે શખ્સોને ૨૪ બોટલ ઇંગ્લીશ દારૂ તથા બાઇક મળી અડધા લાખના મુદામાલ સાથે ઝડપી પાડયા

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)

અમરેલી જિલ્લામાં પોલીસે જુદા જુદા બે સ્થળોએ ઈંગ્લીશ દારૂના દરોડાઓ પાડી બે શખ્સોને ૨૪ બોટલ ઈંગ્લીશ દારૂ તથા બાઇક મળી રૂા.૫૦,૪૫૨ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

અમરેલી કોરવર્ડ સર્કલ પાસે ચાર બોટલ ઈંગ્લીશ દારૂ રૂા.૪૦૫૨ના મુદામાલ સાથે હે.કોન્સ. સલીમભાઈ શેખે ઝડપી પાડયો હતો. જયારે બાબરા તાલુકાના વાવડી થી ચમારડી રોડ ઉપર શૈલેષ ઘોહાભાઈ બસીયા રહે. પીપળલગવાળાને સ્પ્લેન્ડર બાઇક નં. એમ.પી. ૧૧ ઝેડબી ૫૬૬૭માં ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરતા ૨૦ બોટલ રૂા.૬૪૦૦ તથા બાઇક મળી રૂા.૪૬,૪૦૦ના મુદામાલ સાથે પો.કોન્સ. મહાવીરસિંહ સિંધવે ઝડપી પાડયા હતો. જયારે ચમારડીના કરણ વાણંદે મુદામાલ પુરો પાડી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની બાબરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવેલ.

સાવરકુંડલામાં પરિણીતા પ્રેમી સાથે ગુમ

દસ દિવસથી ગુમ થયાનું કુંડલા પોલીસમાં જાહેર કરાયું

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)

સાવરકુંડલામાં રહેતી પરિણીતા તા.૧૫-૧૧-૨૩ના બપોરના સમયે ગામમાં ફરિયાણાની ચીજ વસ્તુ ખરીદવા ગયેલ જે ઘરે પરત આવેલ નહીં અને પોતાના પતિના મોબાઈલમાં ફોન કરી કહેલ કે હું મારા પ્રેમી હરેશભાઈ કડવાભાઈ ખુંદરાણા રહે. સાવરકુંડલાવાળા સાથે ગયેલ હોવાનું જણાવી આજ દિન સુધી પરત આવવા બાબતે એકબીજાને ફોન ઉપર વાતચીત થતી હતી. જેથી છેલ્લા ૧૦ દિવસથી ગુમ થનારનો કોઈ સંપર્ક થયેલ ન હોવાનું પતિ સંજયભાઈ હિંમતભાઈ ચાવડાએ સાવરકુંડલા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

લાલાવદરની સીમમાં જુગાર રમતા ૯ ઝડપાયા

પોલીસે રોકડ અને મોબાઇલ મળી રૂા. ૨૪,૨૫૦નો મુદામાલ કબ્જે લીધો

અમરેલી,(ક્રાઇમ રિપોર્ટર)અમરેલી તાલુકાના લાલાવદર ગામે ગૌશાળાથી વાડી વાળા કાચા રસ્તેભાવળની કાંટામાં જાહેરમાં રસ્તા ઉપર હારજીતનો જુગાર રમતા રમેશ ગોબરભાઈ મોરવાડીયા, વિઠલભાઈ મંગાભાઈ માધડ, ઉમેશ ઉર્ફે ઉકાભાઈ દેવાભાઈ માધડ, ચિમન મેઘાભાઈ માધડ, ભનુ મેઘાભાઈ માધડ, વાલભાઈ રામભાઈ માધડ, ધનજી મુળજીભાઈ ઘોઘારી, જીજ્ઞેશ ભાનુભાઈ માધડને પો.કોન્સ. ફારૂકભાઈ પઠાણે રોકડ રૂપિયા ૧૨,૭૫૦ તેમજ પાંચ મોબાઈલ રૂપિયા ૧૧,૫૦૦ મળી કુલ રૂા. ૨૪,૨૫૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

વિજપડીમાં યુવાન ઉપર હુમલો

એક શખ્સે પાઇપ વડે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામે આદિર સમાજની વાડી પાસે સમુહલગ્નની મિટીંગ અંગે જયસુખભાઈ દેવસીભાઈ કાતરીયા ઉ.વ.૨૮ વાડીની બહાર બેઠેલ હોય. તે દરમિયાન જનક રસિકભાઈ ઉર્ફે કાકુભાઈ નગદીયાએ કુતરાને પથ્થર ફેંકતા હોય જેથી ના પાડતા ઉશ્કેરાઈ ગાળો બોલી ડાબા પગે અને કમરમાં ત્રણ ચાર પાઈપના ઘા મારી ઈજા પહોંચાડી ધમકી આપ્યાની સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

અમરેલી જિલ્લામાં બે વાહન ચાલકો સહિત ૧૦ શરાબીઓ રાજાપાઠમાં ઝડપાઇ ગયા

જુદા જુદા સ્થળોએથી નશો કરેલી હાલતમાં ૧૦ને ઝડપી પાડયા

અમરેલી,અમરેલી જિલ્લામાં જુદા જુદા સ્થળોએથી પોલીસે ૨ વાહન ચાલકો સહિત ૧૦ શખ્સોને નશો કરી રાજાપાઠમાં ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની ઉપસ્થિતિમાં

યુએઇમાં સાવરકુંડલાની ખુશાલી નથવાણીએ ગૌરવ વધાર્યુ

ગુજરાતના ગરબાએ યુએઇમાં ધુમ મચાવી : સ્વાગતમ મોદી કાર્યક્રમ રજુ કરતા ૬૫ હજાર લોકોનું રજીસ્ટ્રેશન

સાવરકુંડલા, ભારત દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી બે દિવસ યુએઈ ની મુલાકાતે છે ત્યારે ત્યાંના ભારતીય અનેખાસ કરીને ગુજરાત ના 'સ્વાગતમ મોદી' રજૂ કર્યું જેમાં ૬૫૦૦૦ લોકોએ રજીસ્ટ્રેશન કર્યું હતું. જેમાં ૩૨ ગુજરાતી ઓ ગરબામાં ભાગ લીધો હતો જેમાં મૂળ સાવરકુંડલાની ખુશાલી નથવાણી રાજાએ ભાગ લીધો હતો અને સાવરકુંડલા નું ગૌરવ વધાર્યું હતું. જયારે મૂળ સાવરકુંડલાની ખુશાલી નથવાણી રાજા હાલ દુબઈ છે છતાં તેમના હૈયામાં ગુજરાતી અને ગરબા વસેલા છે તેમનું શ્રેષ્ઠ ઉદાહરણ આ 'સ્વાગતમ મોદી'માં ભાગ લઈ તેણે ગૌરવ વધાર્યું હતું. જેમાંતેમના ટીમલીડર ડો.યામિષ જોશીએ કોરિયોગ્રાફર અલ્પેશ સોલંકી હતા. ગુજરાતનું કલ્ચર અને ગુજરાતની સંસ્કૃતિ ત્યાંરજૂકરીહતી અંતેઉલ્લેખનીય છે કે ૧૪ ફેબ્રુઆરી નરેન્દ્ર ભાઈ મોદી દ્વારા અબુ ધાબીબીએપીએસમંદિર નીપ્રાણપ્રતિષ્ઠા કરાવી હતી.ત્યારે સાવરકુંડલાની આ દીકરીએ ગુજરાતના ગરબાવિદેશમાંરજૂ કરી સાવરકુંડલા સાથે ગુજરાતનું પણ નામ રોશન કર્યું હતું.

સંસ્કાર વિદ્યાધામ બાંભણીયાનું સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધામાં ગૌરવ વધાર્યુ

પ્રાચીન રાસગરબા સ્પર્ધામાં આદર્શ આશ્રમ શાળાની બાળાઓ જિલ્લામાં પ્રથમ સ્થાને

બાળાઓને ચાંદીના મેડલ આપી શ્રી અશ્વિન સાવલીયાના હસ્તે સન્માન કરાયું

અમરેલી,

અમરેલી લીલાવંતીબેન નૂતન સ્કુલના પરિસરમાં સાંસદ સાંસ્કૃતિ સ્પર્ધા શ્રી પરશોતમભાઈ રૂપાલા તથા ઈંફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી અને મહાનુભવોની ઉપસ્થિતિમાં ચોણાયેલ તેમાં પ્રાચીન રાસ ગરબામાં આદર્શ આશ્રમ શાળા બાંભણીયાના ધો.૬ થી ૮ની ભહેનોએ જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર મેળવેલછે.ભાગલેનાર તમામ સ્પર્ધકોને ૧૫ ગ્રામ ચાંદીના સિક્કાના મેડેલથી અમરરેરી ચેરમેન શ્રી અશ્વિનભાઈ સાવલીયા તથા અન્ય અધિકારીઓની ઉપસ્થિતિમાં સન્માનિત કરી પ્રોત્સાહિત કર્યા હતાં. આ પ્રસંગે સંસ્કાર વિદ્યાધામ બાંભણીયાએ શ્રી પરશોતમભાઈ રૂપાલા તથા મહાનુભાવોનો આભાર વ્યક્ત કરી સંસ્થાના સંચાલક શ્રી ભવાનભાઈ ચાવડાએ ખુશી વ્યક્ત કરી હતી. બાળાઓને અભિનંદન પાઠવ્યા હતાં.

ધારી મંગળવારી બજારમાં મોબાઇલ ચોરાયો

અમરેલી,

ધારી સ્વામિનારાયણ મંદિર પાસે તા.૨-૧-૨૪ને સવારે ૧૦ વાગ્યે મોણવેલ ગામના ભારતીબેન સાગરભાઈ ઘોરીયા ખરીદીમાં ગયેલ ત્યારે ઓપો કંપનીનો સીમ સાથેનો મોબાઈલ થેલીમાંથી ભીડનો લાભ લઈ રૂા.૧૨,૪૯૯ નીકિંમતનો મોબાઈલ કોઈ ચોરી ગયાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

જાપોદર ગામના જેજીવાય ફિડરમાં અનિયમિત પાવર પ્રશ્ને રજુઆત

ધારાસભ્ય હિરાભાઇ સોલંકીને રજુઆત કરતા શ્રી વસોયા

રાજુલા, રાજુલાના ધારાણ જયોતિગ્રામ ફીડરમાંથી માંડરડી, જાપોદર, આગરીયાને ૬૬ કેવીમાંથી જાપોદર જેજીવાયફિડર નવુંબનાવીમાંડરડી, જાપોદર સમુહ ખેતીને જોડાણ કરેલ ત્યારથી ગામમાં વિજળીરહેતીનથીઅવારનવાર ૪-૪ કલાક સુધી રાત્રે અને દિવસે ફોલ્ટમાં જતી રહે છે. જેથી ગામમાં મુશ્કેલી પડે છે તે દુર કરવા શ્રી રમેશભાઈ વસોયાએ ધારાસભ્ય શ્રી હિરાભાઈ સોલંકીને રજૂઆત કર્યાનું અખબારી યાદીમાં જણાવ્યું છે.

ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

આજનું પંચાગ

તા. ૧૭.૨.૨૦૨૪ શનિવાર ,સંવત ૨૦૮૦, મહા સુદ આઠમ, કૃત્તિકા નક્ષત્ર, ઐંદ્ર યોગ , બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ વૃષભ (બ,વ,ઉ) રહેશે.

તમારું સપનું તમને શું કહેવા માંગે છે!? જાણો!

છેલ્લા ત્રણેક માસથી મારી પાસે ડ્રિમ એનાલિસિસ માટે આવનારની સંખ્યામાંત્રણ ગણો વધારો જોવા મળ્યો!! ડ્રિમ એનાલિસિસ કે ડ્રિમ ટીકોડિંગએગમશાસ્ત્રનો જ વિષય છે જેને આપણે સ્વપ્ન સંકેત કહીએ છીએ આ બહુ પ્રાચીન શાસ્ત્ર છે જેમાં સ્વપ્નપૃથ્વીકરણ બારીકાઈથી કરવામાંઆવેછે અને તેના સંકેત સમજીને તે મુજબ ભવિષ્યનું માર્ગદર્શન આપવામાંઆવેછે! નવેમ્બરમાંરાહુમહારાજ મીન રાશિમાં આવવા સાથે સ્વપ્ન સંકેત માટે આવતા મિત્રોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો!! કારણ બહુ સાફ છે કે મીન રાશિએઊંઘ અને સ્વપ્ન દર્શાવે છે જ્યાં રાહુના આવવાથી સ્વપ્નનું પ્રમાણ વધુ જોવા મળે એક સામાન્ય વ્યક્તિને આવતા સ્વપ્ન માં ઘણી વૃદ્ધિ જોવામાં



આવીરહી છે વળી રાહુ મહારાજ જે સ્વપ્ન આપે છે તેમાંથી ગૂઢ રહસ્યો શોધી શકાય છે માટે જયારે મીનમાં રાહુ હોય ત્યારે જે સ્વપ્ન આવે તેવણા અર્થસભર હોય છે!! છેલ્લા ત્રણ ચાર માસથી સ્વપ્ન સંકેત બહુ સટીક રીતેપ્રાપ્ત થાય છે અને તેમુજબ અગાળવવધવાથી યોગ્ય દિશા પણ મળે છે જો કે સ્વપ્નની બાબતોમાં થી જે મહત્વનો પોઈન્ટ હોયતેને અલગ તારવીતેના પર કામ કરવું જોઈએ અને જે દેખાય છે તેના કરતા તેના સંકેતો અલગ હોઈ શકે અને તેનો અર્થ પણ કેક અલગ હોઈ શકે તે સમજી સ્વપ્ન સંકેત માં આગળ વધવું જોઈએ! મુવી ઈન્સેપ્શનમાં સ્વપ્ન અને હકીકતનું તાદાત્મ્ય કલાત્મક રીતે દર્શાવવામાં આવ્યું છે.

મેષ (અ,લ,ઈ) : આર્થિક બાબતોમાંસાવુંરહે,બેન્કબેલેન્સ વધારી શકો. નાણાકીય લેવા દેવા:માલ ભવાય પરંતુયોગ્ય રીતેહિસાબ રાખવોજરૂરી બનશે.
વૃષભ (બ,વ,ઉ) : સવારથી તમારા મનમાં અનેક નવા કાર્યની સૂચિ આવી શકે છે અને તમે તમારા પ્રયત્નથી તમામ કાર્ય સારી રીતે પૂર્ણ કરી શકો,પ્રગતિકારક દિવસ રહે.
મિથુન (ક,છ,ઘ) : ગોચર ગ્રહોમુજબ જોઈએતો બારમે ચંદ્રમા મનને થોડું દિધ્યામાં રાખે છે વળી ખર્ચપર અંકુશ રાખવો હિતાવહ છે ,આવક જાવક નો હિસાબ રાખવો જરૂરી બને.
કર્ક (ડ,હ): થોડા સમયથી તમને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હશો પરંતુ હવેધીમે ધીમે પરિસ્થિતિ તરફેણ માંઆવે,દિવસ લાભદાયક રહે.
સિંહ (મ,ટ): જે મિત્રો વ્યવસાય બાબતે પરેશાન થાય છે તેમને રસ્તો મળતો જોવા મળે, ઘંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો અવસર આવી શકે છે. દિવસ લાભદાયક રહે.
કન્યા (પ ,ઠ ,ણ) : આજના દિવસે તમારે મન પાસેથી ઘણું કામ લેવાનું રહેશે ,પોઝિટિવ વિચારો થી ખુબ લાભ મળે ,આગળ વધવાની તક મળે.
તુલા (ર,ત) : પ્રણયમાર્ગે ચાલનારા માટે સારા સમાચાર આવી શકે ,વિવાદયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે ,દિવસ ખુશીનુમા વીતે .
વૃશ્ચિક (ન ,પ) : નવા અભ્યાસ કે જ્ઞાનને લગતી બાબતોમાં સાવુંરહે ,ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રો માટે સારી તક આવે,પ્રગતિ થાય.
ધન (ઘ,ભ,ફ,ઢ) : અંગત વ્યક્તિ સાથે મતભેદ થઈ શકે છે વળી હિતશત્રુઓ થી સાવધ રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે .
મકર (ખ,જ) : વિદ્યાર્થીવર્ગને ઉચ્ચ અભ્યાસ માંસફળતા અપાવતો શુભ દિન. ચાદશ કિંનર અને એકાગ્રતા વધારવા માટે ધ્યાન કરવું જરૂરી બનશે.
કુંભ (ગ ,સ,શ) : આજના દિવસે તમારા રસના વિષયો માં આગળ વધી શકો વળી નવી વસ્તુની ખરીદી થાય,દિવસ આનંદ માં પસાર થાય.
મીન (દ,ચ,ઝ,થ): આજના દિવસે તમે બનાવેલા સંબંધો તમને કામ લાગશે ,ભાઈ ભાંડુ સુખ સાવું રહે,અંગત મિત્રોની મદદ મળી રહે,શુભ

સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

કપાસ ૧૦૫૦ થી ૧૪૮૫ મગફળી ૧૦૧૦ થી ૧૩૮૮

અમરેલી માર્કેટ યાર્ડ

શિંગમઠડી-૮૮૦-૧૨૩૭
શિંગમોટી-૧૦૧૦-૧૩૮૮
જુવાર-૮૫૧-૧૧૮૮
તલસફેદ-૨૫૦૦-૩૧૬૫
તલકાશ્મીરી-૪૮૨૫-૪૧૦૫
બાજરો-૪૭૦-૫૦૦
ઘઉંટુકડા-૪૧૯-૬૭૭
ઘઉંલોકવન-૪૦૦-૫૦૪
એરંડા-૧૦૭૦-૧૦૬૬
ચણા-૮૫૦-૧૧૬૬
કપાસ-૧૦૫૦-૧૪૮૫
રાયડો-૮૭૫-૮૬૨
જુવૃ-૩૬૦૦-૫૬૦૦
ઘાણા-૧૦૫૫-૧૭૦૫
સોયાબીન-૮૩૨-૮૫૫
તુવેર-૧૧૦૦-૧૧૦૦
મરચાલાંબા-૧૦૪૦-૪૦૦૦

અમરેલી શાકભાજી

બટેટા-૨૪૦-૩૦૦
રીંગણા-૫૦૦-૬૦૦
ફલાવર-૩૦૦-૪૦૦
કોબીઝ-૨૫૦-૩૦૦
ટમેટાં-૩૦૦-૫૦૦
વટાણા-૩૦૦-૭૦૦
ગાજર-૨૨૦-૩૩૦
કારેલા-૬૦૦-૭૦૦
ગલકા-૬૨૦-૬૮૦
કાકડી-૫૦૦-૬૦૦
ગુવાર-૧૪૦૦-૧૬૦૦
ચોળાલીલા-૬૫૦-૭૫૦
તુરીયા-૦૦-૬૦૦
ભીંડો-૭૦૦-૮૫૦
આદુ-૧૮૫૦-૨૨૦૦
કોથમીર-૨૦૦-૩૦૦
મેથીભાજી-૨૫૦-૩૨૦
વાલ-૩૫૦-૭૫૦
લીમડોમીઠો-૭૦-૧૦૦

મરચાલીલા-૫૦૦-૭૦૦
લસણસુકું-૩૦૫૦-૫૪૦૦
લીંબુ-૧૮૦૦-૨૦૦૦
પાલક-૨૫૦-૩૦૦

રાજુલાયાર્ડ

બાજરો-૨૫૦-૫૪૯
જુવાર-૭૫૧-૮૦૭
રાય-૬૦૧-૧૨૮૧
તલસફેદ-૨૭૦૦-૨૭૦૦
ચણા-૧૦૪૫-૧૧૫૦
સોયાબીન-૭૦૦-૮૦૦
શીંગ-૧૦૦૦-૧૦૦૦
તુવેર-૧૭૦૦-૧૭૦૦
કપાસ-૧૦૦૦-૧૫૦૦
જુવૃ-૪૬૦૦-૬૫૦૦
મગ-૧૬૬૦-૨૩૨૨

મહુવાયાર્ડ

ઘઉં-૪૬૬-૬૩૭
ડુંગળીલાલ-૧૦૦-૨૬૯

ડુંગળીસફેદ-૨૨૦-૨૭૮

તલસફેદ-૨૫૬૨-૨૮૫૮
મગ-૧૮૬૧-૨૩૩૫
ઘાણા-૧૦૦૦-૧૧૬૫
ચણા-૮૪૫-૧૧૨૦
તુવેર-૧૭૭૭-૧૮૬૦
અજમા-૨૮૬૦-૩૦૬૧
કપાસ-૧૦૮૫-૧૧૩૨
સોયાબીન-૭૦૦-૮૪૭

બાબરા

કપાસ-૧૨૦૦-૧૪૮૧
ઘાણા-૧૦૪૦-૧૪૦૦
ચણા-૧૦૧૦-૧૧૮૦
ઘઉં-૪૮૨-૬૨૮
તુવેર-૧૫૬૦-૧૮૦૦
જુવૃ-૪૦૮૮-૫૬૫૧

મગફળી-૧૧૬૮-૧૧૭૮

ધારી

કપાસ-૧૦૫૧-૧૪૩૧
મગફળી-૬૦૫-૧૨૦૬
તુવેર-૧૩૦૫-૧૮૦૦
સોયાબીન-૮૩૦-૮૩૦
ચણા-૧૦૮૦-૧૧૩૦
ઘઉં-૪૨૬-૫૦૧
જુવૃ-૫૧૦૦-૫૧૦૦
અડદ-
ઘાણા-૬૧૧-૧૧૪૫

સાવરકુંડલા માર્કેટયાર્ડ

શીંગમોટી-૮૭૧-૧૨૬૬
તલસફેદ-૨૬૦૦-૩૦૭૧
જુવૃ-૪૪૦૦-૬૦૦૦
તુવેર-૧૫૦૦-૧૮૬૦
કપાસ-૧૨૫૧-૧૫૦૧
ઘઉં-૪૧૧-૫૫૧
અડદ-૧૨૦૦-૧૭૩૨
ઘાણા-૧૧૦૦-૧૬૧૩
ચણા-૧૦૦૦-૧૧૬૮
સોયાબીન-૮૦૦-૮૬૩
એરંડી-૧૦૭૦-૧૦૮૧

ખાંભા

કપાસ-૧૨૨૫-૧૪૪૦
જુવૃ-૫૫૦૧-૫૫૦૧
ઘઉં-૪૩૬-૫૬૦
ઘાણા-૬૭૫-૧૦૮૦
જુવારસફેદ-૬૦૦-૮૪૩
તુવેર-૧૫૫૧-૧૬૫૧
સોયાબીન-૮૨૧-૮૨૧
ચણા-૧૦૬૦-૧૧૩૦

બગસરા

કપાસ-૧૦૫૦-૧૪૯૫
તલસફેદ-૨૫૨૫-૨૫૨૫
ચણા-૯૬૫-૧૧૦૫

ઘઉંલોકવન-૫૫૩-૫૮૦
ઘઉંટુકડા-૫૨૪-૫૭૦
મેથી-૮૮૦-૮૮૦
રાજગરો-૧૩૦૦-૧૩૦૦
ઘાણા-૬૦૦-૧૧૩૫
તુવેર-૧૦૦૦-૧૮૦૦
રાય-
શીંગફાડા-

અમરેલીકુટમાર્કેટભાવ

ચીકુ-૬૦૦-૧

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

■ LED હેડલાઇટ
■ ટેલલાઇટ
■ ડિજીટલ મીટર
■ બ્લુટુથ કનેક્ટીવીટી
■ અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ટ : સ્ટાપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
ચામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ મો. ૭૦૪૮૭ ૮૨૦૦૪

સત્યમેવજયતે
AVADH TIMES DAILY
અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર
પાના નં ૫
તા. ૧૭-૨-૨૦૨૪ શનિવાર



માણેકપરા, લાઠી બજાર અમરેલી ફોન (૨૨૩૬૩૬) મો.૯૦૩૩ ૩૪૬૬
૨૦૨૩ / ૨૪ ના અદ્યતન અને ટકાઉ ફર્નિચરનો લાભ ડેમો નિહાળવા આપે જ પધારો
ફિકરીઓના ફરીયાદના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

અમરેલી ડિવીઝન નિચેના અમરેલી સર્કલ દ્વારા પાવર ચોરી ઘટાડવા યોજાયેલી ઝુંબેશમાં

અમરેલી લાઠી લીલીયામાં વિજ ચેકીંગ : ૨૩ લાખની ગેરરીતી

અમરેલી ડિવીઝનના અમરેલી સર્કલ દ્વારા સિકીયોરીટી સાથે ૩૭ ટીમોએ ચેકિંગ કર્યુ

અમરેલી, અમરેલી પીજીવીસીએલ ડિવીઝન એક નીચેના અમરેલી સર્કલમાં આજે કોર્પોરેટ ફ્રાઇવ યોજાતા અમરેલી શહેર, લાઠી, લીલીયામાં પોતાનીસિકયોરીટીસાથે પીજીવીસીએલની ૩૭ ચેકિંગ ટીમો ત્રાટકી હતી અને રહેઠાંણના ૫૯૯ તથા વાણિજયકના ૫ મળી ૬૦૪ જોડાણો ચેક કર્યા હતાં અને જેમાં રહેઠાંણના ૯૫ અને એક કોમર્સયલ મળી કુલ૯૬ જોડાણોમાં રૂા. ૨૩.૦૧ લાખની ગેરરીતી ચેકિંગ ટીમોએ ઝડપી લીધી. અચાનક ચેકિંગ ટીમો ત્રાટકતા ગેરરીતી કરનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

રહેઠાંણના ૫૯૯ અને વાણિયજકના ૫ મળી કુલ ૬૦૪ જોડાણો અમરેલી લાઠી લીલીયામાં ચેક કર્યા

રહેઠાંણના ૯૫ અને વાણિજયકના ૧ મળી કુલ ૯૬ જોડાણોમાં ચેકિંગ ટીમોએ ગેરરીતી ઝડપી

અમરેલી શહેર, લાઠી અને લીલીયા પંથકના અનેક ગામોમાં પીજીવીસીએલની ડ્રાઇવ યોજાઇ

બગસરા શાળા નંબર ૪માં માતૃ પિતૃ વંદના કાર્યક્રમ યોજાયો

પશ્ચિમ સંસ્કૃતિની ઘેલછા સામે પુરાતન સંસ્કૃતિને ઉજાગર કરવાનો શાળા દ્વારા પ્રયત્ન

બગસરા , (રૂપેશ રૂપારેલિયા)(સમીર વિરાણી) વેલેન્ટાઈન ડે નિમિત્તે બગસરાની એક પ્રાથમિક શાળામાં આ દિવસની અલગ રીતે ઉજવણી કરવામાં આવી હતી. ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા આ કાર્યક્રમની વાલીઓ દ્વારા સરાહના કરવામાં આવી હતી.વિગત અનુસાર હાલના સમયમાં પશ્ચિમની સંસ્કૃતિની ઘેલછામાંયુવાનો દ્વારા વિચિત્ર રીતે ૧૪ મી ફેબ્રુઆરી ના રોજ વેલેન્ટાઈન ડે ની ઉજવણી કરવામાં આવે છે જ્યારે બગસરાના પછાત વિસ્તાર એવા જેતપુર રોડ ઉપર આવેલી શાળા નંબર ૪ માં દાતાના સહયોગથી વેલેન્ટાઈન ડે નિમિત્તેઅલગપ્રકારનીઉજવણીકરવામાં આવી હતી. અમદાવાદ સ્થિત શેઠ શ્રી ચંપકલાલ ખુશાલદાસ પારેખ મેમોરિયલ રિલિજિયસ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ના ઉપેન્દ્રભાઈ તથા ગીરીશભાઈ પારેખ ના સહયોગ થી શાળાના પટાંગણમાં માતુ-પિતૃ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળાના ૩૫૦ બાળકો દ્વારા પોતાના માતા-પિતાની વંદના કરવામાંઆવીહતી. શાળાના વિદ્યાર્થીઓએ જ્યારે માતા પિતાની આરતી કરી ત્યારે અનેક આંખો ભીંજાઈ ગઈ હતી અને શાળામાં લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા. શાળાના આચાર્યદ્વારા ટ્રસ્ટના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત રહેલા નટુભાઈ ભૂપતાણી તથા ઈન્દીરાબેન નો પણ આભાર માનવામાં આવ્યો હતો. વસંત પંચમીનિમિત્તે શાળામાં સરસ્વતીવંદના કાર્યક્રમનું પણ આયોજન કરાયું હતું જેમાં તાલુકાની અનેક શાળામાંથી શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા અને સરસ્વતી પૂજન વંદના નું આયોજન પણ કરવામાં આવ્યું હતું શાળા દ્વારા કરવામાંઆવેલા આ અંગે આયોજન બદલ વાલીઓ દ્વારા પણ શાળા પરિવારના આ કાર્યને ભિરદાવવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના સમગ્રસ્ટાફદ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

ધારાસભ્યશ્રી જે. વી. કાકડીયાએ લોકોની સુખાકારી સુવિધા માટે સૌથી વધુ ગ્રાન્ટ વાપરી

ધારી વિધાનસભા વિસ્તારમાં ૬૪ કામો માટે ૨૦૭.૭૩ લાખના કામો સુચવ્યા

ચલાલાના આગેવાનોએ ધારી, બગસરાના ધારાસભ્ય શ્રી જે. વી. કાકડીયાની કામગીરી બિરદાવી

ચલાલા,(પ્રકાશ કારીયા)અમરેલી જિલ્લામાં ધારી, બગસરા વિધાનસભાનાં ધારાસભ્ય શ્રી જે.વી. કાકડીયાએ લોકોની સુવિધા અને સગવડતા સુખાકારી વધારવા માટે સરકારની સૌથી વધુ ગ્રાન્ટ વાપરતા ધારાસભ્યનાં હોમ ટાઉન ચલાલાના આગેવાનોએ ખુશી વ્યક્ત કરી અભિનંદન આપ્યા છે સંતો મહંતોએ પોતાનો રાજીપો વ્યક્ત કરી આશિર્વાદ આપ્યા છે પ્રાપ્ત વિગત અનુસાર ગુજરાત સરકાર દ્વારા તમામ ધારાસભ્યોને દરેકનાણાકીયવર્ષમાં સીટ દીઠ દોઢ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે. આ ગ્રાન્ટ માર્ચ એન્ડ સુધીમાં પુરા થતા નાણાકીય વર્ષમાં વાપરવાની હોય છે તે મુજબ ધારાસભ્ય જે.વી. કાકડીયાએ પોતાના મત વિસ્તારમાં લોકોના શિક્ષણ, આરોગ્ય, ખેતી, રોડ રસ્તા, બ્રીજ, પુલ નાળા સહિતનાં કામો સગવડતા સુવિધા અને સુખાકારી માટે મળે તે માટે સૌથી વધુ ૬૪ કામો મંજૂર કરાવી રૂા.૨ કરોડ ૭ લાખ ૩૩ હજારની રકમ વાપરવાના સુચનો કરી જાગૃત ધારાસભ્ય તરીકે નામના મેળવી છે. તેમાંથી હાલમાં ૧ કરોડ ૪૮ લાખ ૬૩હજાર ના ૪૭કામોને વહીવટી મંજુરી મળી ગઈ છે બાકી કામોને મંજુરી મળવાની છે. ચલાલા શહેર અને સમગ્ર પંથકમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે ચલાલાના પૂ. વલકુબાપુ, ગાયત્રી મંદિરના પૂ. રતિદાદા, ભીમનાથ મંદિરનાં પહ. મહીપતબાપુ, નેસડીના મહંત શ્રી લવજીબાપુ સહિત સંતો મહંતોએ આર્શિવચન પાઠવ્યા છે. ચલાલા લોહાણા મહાજન અને ચેમ્બરના પ્રમુખ મહેન્દ્રભાઈ સાદરાણી, ચીમનભાઈ વિઠલાણી, ચલાલા મેડીકલવાળા સુરેશભાઈ ઉનડકટ, નવનીતભાઈ નગદીયા, હસુભાઈ, દિપકભાઈ મગદાણી, જલારામ યુવક મંડળના પ્રમુખ કમલભાઈ ઉનડકટ, કમલેશભાઈ વિઠલાણી, રઘુવીર સેના પ્રમુખ જયમીનભાઈ ચંદારાણા, અંકિતભાઈ ચંદારાણા, ધવલભાઈ સેજપાલ, મયુરભાઈ, પટેલ સમાજના પ્રમુખ ધનશ્યામભાઈ કાકડીયા, છગનભાઈ અંટાળા, મનસુખભાઈ કાનાણી, શાંતુભાઈ ભાલાળા, જિલ્લા સંઘના જયંતીભાઈ પાનસુરીયા, કિરીટભાઈ કાકડીયા, ક્ષત્રીય સમાજના દિલુભાઈ વાળા, મનુભાઈ ધાધલ, હર્ષદભાઈ, અનકભાઈ વાળા, પુર્વ પાલિકા ઉપપ્રમુખ જયરાજભાઈ વાળા, બાબુભાઈ વાળા, પુર્વ પ્રમુખ શ્રી હિંમતભાઈ દોંગા, મનસુખભાઈ કાથરોટીયા, ગીતાબેન કારીયા, રેખાબેન ગોસાઈ, કડીયા સમાજના ધીરૂભાઈ સોરીંગલા, જયસુખભાઈ ચોહાણ, રવજીભાઈ સોલંકી, માલધારી સમાજના ઘનશ્યામભાઈ રબારી, પુનાભાઈ રબારી, ભુપતભાઈ રબારી, બ્રહ્મ સમાજના ખોડીદાસ મહેતા, લલીતભાઈ મહેતા, પ્રદિપભાઈ પુરોહીત, અરવિંદભાઈ ઉપાધ્યાય, સુરેશભાઈ ત્રિવેદી, શહેર ભાજપના પ્રમુખ પ્રવિણભાઈ માલવીયા, ઉપપ્રમુખ ભયલુભાઈ વાળા, મહામંત્રી અજીતભાઈ ખુમાણ, પ્રકાશભાઈ કારીયા, નિતેશભાઈ ભટ્ટ, નિતીનભાઈ વાળા, વિજયભાઈ વાળા, મનુભાઈ રાઠોડ, મુકેશભાઈ રાઠોડ, મનોજભાઈ તથા ડો. સેલનાં ડો.વિકમ ભરાડ, ડો. દેવકુભાઈ વાળા, ડો. ચોવટીયા, ડો. કાબરીયા, શૈલેષભાઈ ઉનાગર, અવિરતભાઈ માલા, પ્રદિપભાઈ હીરપરા, બાલાભાઈ જેવા, કમલેશભાઈ જેવા, રાજેશભાઈ જાની, અનિરૂધ્ધભાઈ વાળા, ધનજીભાઈ રીબડીયા, ભાલાબાપુદેવમુરારી, નયનબાપુ ગોસાઈ, રાધેશ્યામભાઈ દેવમુરારી, ભાવિનબાપુદેરાણી, રસીકભાઈ મગદાણી, શૈલીષભાઈ ઠાકર, મનસુખભાઈ, વિનુભાઈ કાથરોટીયા, પરેશભાઈ કાથરોટીયા, કોશીકભાઈ પરમાર, વિપુલભાઈ ગેડીયા, શિવરાજભાઈ વાળા, ભરતભાઈ સોલંકી, ભાયાભાઈ ગોહીલ સહિતનાં હજારો આગેવાનોએ ચલાલાના ગૌરવ એવા સંવેદનશીલ ધારાસભ્ય શ્રી જે.વી.કાકડીયાને બિરદાવી રાજીપો વ્યક્ત કરી આવકાર્યા છે.

ખારવા સમાજ દ્વારા યુવાનોને રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા

જાફરાબાદમાં ખારવા સમાજ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ

બોટ એસોશિએસનના પ્રમુખશ્રી કનૈયાલાલ સોલંકીના વરદ હસ્તે ટુર્નામેન્ટનું ઉદ્દઘાટન

